સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

શરાફી દૂકાનો ખોલી 'બેન્ક' લૂંટવા જ બેઠા છે !
મન મૂકીને 'દંડ'ની લઠ્ઠે કૂટવા જ બેઠા છે!
ગરીબ ગાય ને દોહી પીવડાવવાં છે કૂતરાં -
પ્રમાણિક શ્રમની કમાણી ઝૂંટવા જ બેઠા છે!

હાઈકુ

તમારા પૈસા -
ઉપાડો તોય દંડ!
મૂકો તો દંડ!
(અંધેરી નગરીનો કાયદો)

પ્રજાની સેવા ?!
ખાય બે બાજુથી એ -
કપિ નો ન્યાય!!
(એન્ટ્રીનો ચાર્જ ભૂલી ગ્યા!)

ચિંતન

સમાનો મંત્રઃ સમિતિઃ સમાની સમાનં મનઃ સહ ચિત્તમેષામ્ ।
સમાનં મંત્રમભિ મંત્રયે વઃ સમાનેન વો હવિષા જુહોમિ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

બધા મનુષ્યોના વિચારો સરખા રહો; બધા સંગઠિત થઈને જ રહો, બધાના મન, ચિત્ત તથા યજ્ઞ કાર્ય સમાન હોય એટલે કે બધા હળી મળીને રહો.

સૌ પોતાના ભિન્ન વિચારોમાં ઉદારતાનો સમાવેશ કરીને જો બધા સાથે મળીને રહે તો ચારેબાજુ સુખ,શાંતિ, એકતા અને ઉન્નતિનું વાતાવરણ પેદા થશે. સંસારમાં આજે ઘણા લોકો દુઃખી જોવા મળે છે. તેનું કારણ તેમની પોતાની મુશ્કેલી તો છે, પણ મોટા ભાગના તો એટલા માટે દુઃખી છે કે બીજા લોકો સુખી કેમ છે. આ પણ વિચારોથી એક ભ્રષ્ટતા છે. તે સંગઠિત રહીને સાથે મળીને કામ કરતાં રોકે છે અને ઉન્નતિના માર્ગમાં અવરોધ ઉત્પન્ન કરે છે.

વિશ્વશાંતિ કેવળ વેદો વડે જ શક્ય છે. વેદની ઈચ્છા છે કે વિશ્વના બધા માનવીઓની સદ્‌ભાવના, મૈત્રીભાવ અને વિશ્વબંધુત્વનો ભાવ ફેલાય, અને સૌમાં પરસ્પર સ્નેહ સંબંધ મજબૂત બને.

સુવિચાર

- ઈચ્છાશક્તિ પોતાનો માર્ગ શોધી લે છે - **સ્વેટ માર્ડન**
- જેનાથી ઘણો લાભ થાય તેવું સૌથી સરળ કામ.... 'વાણીનો ઓછો ઉપયોગ' - **એરિસ્ટોટલ**
- મુઝમેં ઈતની તાકત નહીં કિ પૂરા હિન્દુસ્તાર સુધાર દૂં... મગર ઈતની તાકત જરૂર હે, જિસસે બીડા ઉડાયા હે, દેશ સુધારને કા, ઉસકા સાથ દૂં - **રાજ ઠાકરે**
- તમારી સમસ્યાઓ તમને થોભવાનો સંકેત નથી આપતી પણ લક્ષ્ય તરફના રસ્તાનું માર્ગદર્શન કરે છે - **જીવન પાથેય**
- ઉગ્ર સ્વભાવનો વટ પડે છે, પ્રભાવ પડતો નથી - **મધુરાય**
- તાળીઓના ગડગડાટ એટલે નિંદાની શરુઆત - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : એલચી, ખજુર અને કાળી દ્રાક્ષ મધમાં ચાટવાથી દમ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક સરળ સાચા ઝેન સાધુ હતા. કોઈને ઉપદેશ કે પ્રવચન ન આપે. સાદાઈ અને સરળતાથી જે મળે તેમાં જીવન ગુજારો કરે. એમને મળવા એક યુવાન ઝેન સાધુ આવ્યો અને પૂછ્યું, 'જીવનમાં સત્યને શોધવાનો.. પરમાત્માને પામવો સાચો રસ્તો કયો? જીવનમાં ભગવાન પાસે કયા રસ્તે પહોંચી શકાય?' ઝેન સાધુએ સરળ ઉપાય બતાવ્યો. એમણે કહ્યું, 'સરળતા... અને સુગમતા અપનાવો તો તમને ભગવાન મળી જશે. જયારે ભૂખ લાગે ત્યારે જે મળે તે ખાઈ લેવું... અને જયારે ઊંઘ આવે ત્યારે બધુ જ ભગવાનના ભરોસે મૂકી ને સૂઈ જવું. બસ આ વાત ધ્યાનમાં રાખવી. પરમાત્મા સુધી પહોંચવાનો આ સરળ ઉપાય છે.' યુવાનને થયું બસ. ખાવું અને સુવું...?? આવું તો બધા રોજ જ કરે છે. તો શું આટલું કરવાથી એમ પરમાત્મા પાસે કંઈ પહોંચાય ? એણે હિંમત કરીને પૂછ્યું... આ તો કેવો જવાબ? ઝેન સાધુએ કહ્યું, 'તું બીજા બધાની ચિંતા છોડ અને તારી વાત કર... તું જમતી વખતે માત્ર જમતો નથી પણ આવતીકાલે શું ખાઈશ તેની ચિંતા કરે છે... અથવા આવતીકાલે કરવાની કામની ચિંતામાં તું આજની ઊંઘ બગાડે છે. રાત્રે ચિંતામાં તું ઊંઘી શકતો નથી. કારણ કે તને ભવિષ્યની ચિંતા છે. જે સુવા દેતી નથી. માત્ર ભગવાન ઉપર ભરોસો રાખી સરળતાતી જે સામે આવે... ખોરાક-કામ-કે સંજોગો - કે ઊંઘ બધાનો સ્વીકાર કરો તો પરમાત્મા મળે જ તે યાદ રાખજે...' યુવાનને સાધુની વાત હવે સારી રીતે સમજાઈ ગઈ.

કમલા હેરીસ : મહિલાશક્તિનું પ્રતીક

તંત્રીસ્થાનેથી...

દેશ બહાર વસી ગયેલા મૂળ ભારતીય નાગરિકો અન્ય દેશોમાં જઈ કેવી ઊજણી કારકિર્દી બનાવી શકે છે એનું ઝળહળતું ઉદાહરણ ભારતીય માતા અને જમૈકન પિતાની દીકરી કમલા હેરીસ પૂરું પાડી રહ્યા છે. કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે દક્ષિણ ભારતની એક મહિલાને કૂખે જન્મેલી આ કન્યા વિશ્વની સૌથી શક્તિશાળી મહાસત્તામાં એક દિવસ 'નંબર ટુ' બની રહેશે. બલકે અમેરિકન ભારતીય મતદાતા તો એમની આ લાડકી નેતા વ્હાઈટ હાઉસના દરવાજે પહોંચી ગઈ છે. એવી મધુર કલ્પના કરીને ચાર વર્ષ પછી એને વર્તમાન નવનિયુક્ત રાષ્ટ્રપતિ જોસેફ બાઈડનનાં અનુગામી તરીકે નિહાળી રહ્યો છે. કમલા હેરીસ એક બાહોશ ન્યાયવિદ્ તરીકે તો કડપ જમાવી જ ચૂક્યાં હતા, તદુપરાંત એમની ડેમોક્રેટ પાર્ટીમાં પણ એવો રૂઆબ પેદા કરી શક્યા હતાં કે એમને પોતાની સામેનાં પ્રતિસ્પર્ધી ઉમેદવાર માનતા જોસેફ બાઈડને વ્યૂહાત્મક દૃષ્ટિએ ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે પસંદ કર્યા અને એશિયન - અમેરિકનો તથા કલર્ડ વંશીય મતદાતાઓના વોટ અંકે કરી લીધા. દેશની આ દીકરીને ભારત ઉમળકાભેર વધાવી રહ્યું છે. સોનિયા ગાંધીએ એમને પાઠવેલ લાગણીસભર શુભેચ્છાઓમાં દેશવાસીઓની અંતરંગ લાગણીનો જ પડઘો વરતાય છે. કમલા હેરીસનો આંતરરાષ્ટ્રીય રાજકીય ક્ષિતિજ પર થયેલ ઉદય કદાચ ઓબામાના રાજકીય ઉદય કરતાં પણ વધુ મહત્ત્વનો સાબિત થશે. પહેલી જ વાર અમેરિકાએ કોઈ મહિલાને એની સત્તાના બીજા ક્રમના સર્વોચ્ચ સ્થાને બેસાડીને વિશ્વમાં મહિલાયુગના પ્રારંભનો સંકેત આપી દીધો છે. વૈચારિક સંદર્ભે સૌથી આધુનિક ગણાતો આ શક્યતાઓથી ભર્યો ભાદર્યો દેશ મહિલાઓને રાજકીય ક્ષેત્રે આગળ ધરવામાં ઘણો મોડો પડ્યો છે. વર્ષો પૂર્વે એશિયાનાં ગરીબ રાષ્ટ્રોમાં મહિલાઓને રાજકીય સત્તા હાંસલ થયેલી છે. શ્રીલંકામાં સિરિમાઓ બંડારનાયક, ભારતમાં ઈંદિરા ગાંધી, પાકિસ્તાનમાં બેનઝીર ભૂટ્ટો અને મ્યાંમારમાં આંગસાંગ સૂકી ઉપરાંત જર્મની અને યુકેનું સુકાન મહિલાઓએ સંભાળેલ છે. જર્મનીમાં ચાન્સેલર મર્કેલ અને યુકેમાં માર્ગારેટ થેચરનો દબદબો રહ્યો. ઉપરાંત બંધારણીય વડા તરીકે તો ક્વીન એલિઝાબેથ બીજા વર્ષોથી ગ્રેટ બ્રિટનમાં મહારાણીના સર્વોચ્ચ સ્થાને બિરાજમાન છે. પરંતુ અમેરિકા એ અમેરિકા છે. કમલા કહે છે એમ એ પહેલીવાર આ ઉચ્ચ પદ પર પહોંચ્યા છે તે વાત સાચી પણ એ છેલ્લી વાર નહીં હોય. મહિલાઓ માટેનો દરવાજો ખૂલી ગયો છે અને કમલા બેરીસ એ દરવાજો ખોલી આપનારાં વીરાંગના તરીકે ઈતિહાસનાં પૃષ્ઠો પર અંકિત થઈ ચૂક્યા છે. કમલા ઝુંઝારું મહિલા છે, એ અર્થેતો, આફ્રિકન-એશિયન-મુસ્લિમ લઘુમતી નાગરિકોનાં પ્રવક્તા તરીકે પ્રસ્થાપિત થયેલાં 'પ્રબલા' છે, 'અબળા' નહીં. આપણા અન્ય કેટલાક મૂળ ભારતવાસીઓ પણ ફરીવાર સેનેટર પદે ચૂંટાયા છે. બાઈડન સરકારમાં કેટલાંક ભારતવંશી બૌદ્ધિકોનો સમાવેશ થનાર છે તે સમાચાર પણ હર્ષ ઉપજાવે છે. આશા રાખીએ કે અમેરિકાનું નવું વહીવટીતંત્ર અગાઉ કરતાં પણ વધુ ઉમળકાપૂર્વક મિત્ર રાષ્ટ્ર ભારતની પડખે ઊભું રહી એના ઊજળા ભવિષ્યનું ભાગીદાર બની રહેશે.

કોઈના જીવનનાં થોડું અજવાળું પાથરી આપણે રાજી થઈએ

અજવાળું - અજવાળું
તુષાર જોશી

તમસો મા જ્યોતિર્ગમય
અર્થાત્ હે ભગવાન મને અંધકારથી પ્રકાશ તરફ લઈ જાવ.

રંગ ગયી પગ-પગ ધરા,
હુઈ જગ જગમગ મનોહરા
- સુમિત્રાનંદન પંત

દીપ જગમગાતે રહે
સબકે ઘર ઝીલમીલાતે રહે,
સાથ હો સબ અપને
ઔર યું હી મુસ્કુરાતે રહે...
આવ્યા આવ્યા દિવાળીના દિન
હો નાચે મારું દિલડીયું...

બ્લોકથી લઈને લોક સુધી ગવાયું છે - ઉજવાયું છે દિવાળીનું પર્વ. આમ જુઓ તો વિશ્વ વ્યાપી એવી કોવિડ-૧૯ની બિમારીના કારણે લગભગ આખ્ખુયે ૨૦૨૦નું વર્ષ એક અર્થમાં અંધકારમય બની રહ્યું છે. હવે ધીમે ધીમે જનજીવન પુનઃ ગોઠવાતું જાય છે, જે છે ને પરિસ્થિતિમાંથી સાવચેતી પૂર્વક બહાર આવવા લોકો રોજિંદા કામોમાં જોડાતા જાય છે એવા સમયે આવેલા દિવાળીના પર્વને અનુલક્ષીને પરમ પિતાને પ્રાર્થના કરીએ કે અમને - વિશ્વને અંધકારથી પ્રકાશ તરફ લઈ જજો - કલ્યાણ કરજો.

દિવાળીનું પર્વ એટલે ઉર્જા - ઉલ્લાસ અને ઉજાસનું પર્વ. દિવાળીનું પર્વ એટલે પૂજા-પ્રાર્થના અને પ્રસન્નતાનું પર્વ, દિવાળીનું પર્વ એટલે એકતા-અધ્યાત્મ અને આનંદનું પર્વ. દિવાળીનું પર્વ એટલે મ્યુઝિક - મીઠાઈ અને મહેમાનગતિનું પર્વ.

વૈજ્ઞાનિક - ધાર્મિક અને સામાજિક એમ ત્રણે રીતે મહત્ત્વપૂર્ણ બની રહે છે. દિવાળીનું પર્વ. સંસ્કૃત ભાષાના બે શબ્દો દીપ અને આવલી એના મિશ્રમથી આ શબ્દ બન્યો છે. દિવાળીના દિવસોમાં ઘરના દ્વાર પર તથા ગેલેરીઓમાં - મંદિરોમાં એક સાથે મોટી સંખ્યામાં દીવડા અથવા તો લાઈટ્સ પ્રગટાવવામાં આવે છે. આ પર્વના ઉલ્લેખો પદ્મ પુરાણ - સ્કંદ પુરાણમાં, સંસ્કૃત નાટકોમાં - ધાર્મિક ગ્રંથોમાં અલગ અલગ પ્રકારે થાય પરંતુ મૂળમાં દિવાળી એટલે અંધકાર પર પ્રકાશનો, અજ્ઞાન પર જ્ઞાનનો, અસત્યનો વિજય બુરાઈ પર અચ્છાઈનો વિજય સુચિત કરતો ઉત્સવ છે.

દિવાળીનું પર્વ એક દિવસનું નહિ બલ્કે પાંચ દિવસનું પર્વ છે. ધનતેરસથી ભાઈબીજ સુધીનું આ પાંચ દિવસનું પર્વ સમયે સમયે લોકજીવનમાં પરિવર્તનોને ઝીલતું જાય છે. જૂના સમયમાં રવાનો શીરો - ફાડા લાપસી - મોહનથાળ - બુંદી જેવી પરંપરાગત મીઠાઈઓ બનતી તેનું સ્થાન હવે તૈયાર મળતી મીઠાઈઓ લેતી જાય છે. હવે તો મીઠાઈથી પણ આગળ ચોકલેટ્સનો વપરાશ વધ્યો છે. દીવડા એકાદ-બે શુકન પૂરતા પ્રગટાવાય, બાકી વીજળીથી ચાલતી સીરીઝ અને બલ્બસ તથા અન્ય સાધનોથી રોશની થાય છે. નવા જન્મેલા મેરાયું કાઢવું, ગામડા ગામમાં શ્રીકૃષ્ણના જીવનની ગોવર્ધન પર્વત તોળવાની ઘટના સાથે જોડાયેલ મેળ-મેળાયું લઈને નીકળ્યા, યુવાનો, બેસતા વર્ષે સવારે ખવાયા ખાટા ઢોકળા, બેસતા વર્ષે વહેલી સવારે સકનનું કંકુ, સકનનું મીઠું... નો સંભળાતો મીઠો સ્વર... એ જ રીતે થાળી વગાડતા વગાડતા ચોકમાં આળસ મુકવા જવાનો રિવાજ... એવી તો કેટકેટલી પરંપરાઓ - સાંસ્કૃતિક રીતરિવાજો હવે વીસરાઈ ગયા છે. આ રિવાજોમાં માત્ર ધર્મ ન હતો, કયાંક ને કયાંક વિજ્ઞાન હતું. અધ્યાત્મ હતું... પણ ખેર... સમય સાથે જે જે બદલાયું એનો સ્વીકાર ને માણ્યું તેનું મીઠું સંભારણું એને જ સાચવીને આ પર્વની હવે ઉજવણી કરવાની છે.

દિવાળીના ઐતિહાસિક મહત્વને ઉજાગર કરતી કેટલીક કથાઓ અનુસાર સમ્રાટ વિક્રમાદિત્યનો રાજયાભિષેક દીવાળીના દિવસે થયો હતો, સ્વામી રામતીર્થનો જન્મ અને મહાપ્રયાણ દીવાળીના દિવસે થયો હતો. ભગવાન શ્રીકૃષ્ણએ નરકાસુરનો વધ કર્યો પછી વ્રજવાસીઓએ પોતાનો આનંદ દીવડા પ્રગટાવી કર્યો હતો. ભગવાન મહાવીરનું નિર્વાણ પાવાપુરીમાં આ દિવસે થયું હતું. અમૃતસરના સુવર્ણ મંદિરના કાર્યનો શુભારંભ દીવાળીના દિવસે થયો હતો. ગૌતમ બુદ્ધના સ્વાગતમાં લાખો દીવડા પ્રગટાવી દીવાળી ઉજવાઈ હતી. ભગવાન રામ રાવણને હરાવી અયોધ્યા આવ્યા ત્યારે એમના સ્વાગતમાં દીવડા પ્રગટાવ્યા અને દિવાળી ઉજવાઈ હતી.

દિવાળીના પર્વે બાહ્ય અંધકાર દૂર કરતા દીવડા તો પ્રગટાવી એ જ, સાથે સાથે આપણી આસપાસ કામ કરતા - આપણી સાથે કામ કરતા જરૂરિયાતમંદોની જરૂરિયાતોમાં સૌથી અગત્યની જરૂરિયાત અનાજની હોય છે... આવા લોકોને રાશન પુરું પાડીએ... અનાજ પૂરું પાડીએ અને એ પણ એવી રીતે કે એમનું સન્માન પણ સચવાય. યુવાનો આ દિશામાં ખૂબ સારું કામ કરી રહ્યા છે. ત્યારે આવા પ્રયાસોમાં આપણે પણ જોડાઈએ... આવા પ્રયાસોમાં જોડાઈએ અને કોઈના જીવનનાં થોડું અજવાળું પાથરી આપણે રાજી થઈએ.

વેન્ટિલેટર - આજના સમયમાં વ્યક્તિ અને સંબંધો બંને જ્યારે વેન્ટીલેટર પર આવી જાય છે ત્યારે...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

વેન્ટિલેટર – આજના સમયમાં વ્યક્તિ અને સંબંધો બંને જ્યારે વેન્ટીલેટર પર આવી જાય છે ત્યારે સમજવું કે વ્યક્તિમાં શ્વાસની ઉણપ છે અને સંબંધોમાં વિશ્વાસની ઉણપ છે. કારણકે શ્વાસ જો શરીર ટકાવે છે તો વિશ્વાસ સંબંધ ટકાવે છે.

છેલ્લાં ૬-૭ મહિનાથી સમગ્ર દુનિયામાં કોરોના નામક મહામારીએ વ્યક્તિ-વ્યક્તિને પંગુ બનાવી દીધા છે. શ્વાસ અને ઓક્સિજન લેવલમાં પ્રશ્નો ઊભા થાય એટલે સમજવું પડે કે હવે વેન્ટીલેટરની જરૂર પડશે જ.

શારીરિક તકલીફોની સાથે-સાથે સંવેદનહિનતાની અને લાગણીશૂન્યતાના જે કિસ્સા આ સમયમાં જોવા મળ્યા છે તે હલબલાવી દેનારા છે. શરૂ-શરૂમાં લોકડાઉન હતું ત્યારે ક્યાંક-ક્યાંક કોરોનાવોરિયર્સ એવા ડોક્ટર્સ અને નર્સ સાથે આભડ-છેટના અને અપમાનજનક વર્તણૂકના કિસ્સાઓ નજરે ચડતા હતા. પછી ધીરે-ધીરે સોસાયટી કે મહોલ્લામાં કોઈ પોઝીટીવ ઘર કે વ્યક્તિ હોવાનું સંભળાય કે તરત બાકીના લોકોનો જોવાનો દૃષ્ટિકોણ બદલાઈ જતો નજરે ચડતો હતો.

વાસ્તવમાં Social Distancing નહીં Physical Distancing કરવાનું શરૂ કરવું જોઈએ. સામાજિક અંતર નહીં પરંતુ શારીરિક જરૂરી છે. સમય ખરેખર તો એકબીજા સાથે દો ગજ કી દૂરી સાથે ઊભા રહેવાનો છે. ખભે ખભા મિલાવીને નહીં પરંતુ પડછાયા સાથે પડછાયો બનીને ઊભા રહેવાનો સમય છે ઈતિહાસ શીખવે છે જ્યારે પણ કોઈ કુદરતી આફત આવી છે ત્યારે જે તે પ્રદેશની જનતાએ ઉલટભેર જવાબ આપ્યો છે. એ પછી ભૂકંપ હોય સુનામી હોય કે પૂર આવ્યું હોય. લોકો બમણી તાકાત સાથે આગળ વધે છે. તો આ વળી કોરોના કઈ બલાનું નામ છે ?

અહીં તો હોમ isolation કે પછી ફરજિયાત એકાંતવાસને એક પ્રકારનો સામાજિક બહિષ્કાર કે પછી અણગમાની લાગણી વ્યક્ત કરતા લોકોને જોઈને ચિંતા ઉપજાવે તેવું વાતાવરણ સર્જાય છે. વેન્ટિલેટર એટલે કુત્રિમ શ્વાસોશ્વાસ બનાવી રાખવાની પ્રક્રિયા. આ યંત્રથી માનવી અને પ્રાણવાયુ વચ્ચે એક સેતુ રચાય છે. વેન્ટિલેટર એ કાયમી ઉપાય નથી પરંતુ પ્રાણવાયુનું મહત્ત્વ કેટલું છે તે સમજાવતું સાધન છે. જે પ્રાણવાયુ આપણને વૃક્ષો દ્વારા વિનામૂલ્યે મળતો હોય છે તેને કૃત્રિમ રીતે મેળવવો કેટલો મુશ્કેલ છે તેની વ્યક્તિને સમજ ત્યારે જ પડે છે જ્યારે તે સહજતાથી પ્રાપ્ત થતો નથી.

તેવી જ રીતે આપણે કેટલા સુંદર સંબંધોથી જોડાયેલા છીએ જે સંબંધોની કદર રોજિંદા જીવનમાં આપણે ઘણીવાર કરતા નથી. આખરે એ સંબંધોને પણ વેન્ટિલેટર પર મૂકવા પડે છે. દયા, પ્રેમ, કરુણા જેવી ભાવનાઓ જ્યારે આપણામાંથી નામશેષ થતી જતી હોય છે ત્યારે સંબંધો આપોઆપ ICUમાં આવી જતાં હોય છે.

આપણે પણ અજીબ વિચિત્ર પ્રાણીઓ છીએ. કરણ જોહર અને સૂરજ બડજાત્યાના પીક્ચરમાં દુઃખ દર્દ જોઈને આંસુ સારીએ છીએ..પણ વાસ્તવિક જીવનમાં કો'કના દુઃખને નાટક સમજીને અવગણીએ છીએ. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે શાબ્દિક અંતર હોય તો ચાલે પરંતુ મનનું અંતર તો ક્યારેય ન ચાલે.

ખૂટી જાય શબ્દો તો લાગણીઓને મૌનથી મઠારો,
હૃદયની વાણીને નથી જોઈતો શબ્દોનો ઠઠારો...
નાની-નાની વાતોમાં ખોટું લગાડીને, મોઢું ચડાવીને ફરવાવાળા રુઠેશ્વરોએ સમજવું પડશે કે, હવે હાથ મીલાવવાના અને ગળે લાગવીને રીસાયેલાઓને મનાવી લેવા પર પાબંદી લાગી ગઈ છે, સંબંધમાં જ્યારે જિદ્દ અને અહમ આવી જાય છે, ત્યારે બંને જીતી જાય છે અને સંબંધ હારી જાય છે.

ઈસ કદર ભી તો ન જજ્બાત પે કાબૂ રખો
થક ગયે હો તો મેરે કાંધે પે બાજૂ રખો

સંબંધો વેન્ટીલેટર પર એટલે આવી ગયા છે કારણ કે, સંબંધ સાચવવા માટે હોય છે અને પૈસા વાપરવા માટે હોય છે. પરંતુ તકલીફ ત્યારે આરંભાય છે જ્યારે માનવી પૈસાને સાચવે રાખે છે, અને સંબંધોને વાપરે રાખે છે.

એક સાંજે
ટ્રેનના ચાલ્યા ગયા પછી
રેલવેના પાટા અરસ-પરસ પૂછતા હતા :
બે માણસને એકબીજાથી દૂર જવા માટે
કેટલું ડિસટન્સ જોઈએ ?

- વિપિન પરીખ
- jayuoza@gmail.com,
Mo.9898046488

પપ્પાને ક્યારેય પ્રેમથી ગળે નથી મળ્યા તેનો વસવસો એ ભાઈને જીવનભર રહ્યો

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

મેરા સાહસ, મેરી ઈજ્જત, મેરા સંમાન હૈ પિતા, મેરી તાકત, મેરી પુંજી, મેરી પહેચાન હૈ પિતા, ઘર કી ઈક ઈક ઈંટ મે શામિલ ઉન કા ખૂન પસીના, સારે ઘર કી રોનક ઉન સે, સારે ઘર કી શાન હૈ પિતા, મેરી શોહરત, મેરા ઈમાન, મેરા રૂતબા હૈ પિતા, મુજ કો હિંમત દેનેવાલે, મેરા અભિમાન હૈ પિતા, સારે રિશ્તે ઉન કે દમ સે, સારે નાતે ઉન સે હી હૈ, સારે ઘર કે દિલ કી ધડકન, સારે ઘર કી જાન હૈ પિતા, શાયદ રબ ને દેખ

કર ભેજા ફલ યે અચ્છે કર્મો કા, ઊસ કી રહમત, ઊસ કી નેમત, ઊસ કા વરદાન હૈ પિતા...

ઈન્ટરનેટ ઉપર સર્ફિંગ કરતાં અચાનક સર્જકના ઉલ્લેખ વગરની આ હિન્દી કવિતા ઉપર નજર પડી. હદયના તાર રણઝણી ઉઠ્યા અને થોડા સમય પહેલાં બનેલી સત્ય ઘટનાના સંવાદ માનસપટ ઉપર તરવરવા લાગ્યાં. વાત કંઈક આમ હતી. એ દિવસે પચાસની આસપાસ પહોંચેલા એક ભાઈ ખૂબ વ્યગ્ર હતા. એમના મિત્રએ પૂછ્યું, 'આજે કેમ આટલા દુઃખી જણાવ છો.' એ ભાઈ બોલ્યા, 'મારા પિતાજીના દેહાવસાનને ૨૦ વર્ષો વીતિ ગયા. આજે એમની પુણ્યતીથિ છે. સવારે એમની તસવીર આગળ અગરબત્તી કરીને નમન કર્યા.' મિત્ર બોલ્યો, 'પિતાજી તો તમને સુખી સંપન્ન જોઈને અને સરસ મજાની લીલી વાડી મૂકીને ગયા છે. તમારા ઉપર એમને અપાર સ્નેહ હતો. મને એની ખબર પણ છે, પછી કેમ આટલા વ્યથીત થાવ છો ?' એમણે કહ્યું, 'બાપની પુણ્યતીથિએ એમનું સ્મરણ થાય અને એમની યાદ આવે એ સ્વભાવિક છે પણ એથી પણ વધારે હૃદયના એક ખૂણામાં ખૂબ ઊંડો વસવસો છે કે, એ હયાત હતા ત્યારે મારા પિતાને હું હેતથી ભેટીને, હું તમને ખૂબ પ્રેમ કરું છું, મારા હૃદયમાં તમારો બહુ આદર છે. એમ ક્યારેય બોલી શક્યો ન હતો.ઞ

જીવનના મધ્યાહને પહોંચેલા આ ભાઈની દમદાર વાત છે. જિંદગીમાં આ નાની લાગતી વાત આગળ જતા મોટો વસવસો ઊભો કરી દેતી હોય છે. જીવન આગળ વધતું જતું હોય ત્યારે ક્યારેક પાછા વળીને જોતા આવી નાની વાતો ખુશીઓનું કે તકલિફોનુ મોટું કારણ બની જતી હોય છે. સાચું પૂછો તો જીવન જીવવાનું બળ આવી ઘટનાઓ બની જતી હોય છે. એ વાત પણ એટલી જ સાચી છે કે, બે ત્રણ દાયકા પહેલાનો જમાનો જરા જુદો હતો. વડીલોનો આદર, માન અને મરતબો એવો હતો કે, યુવાન બાળકો એમને ભેટવાનું તો દૂર, વડીલ બેઠા હોય એ પલંગ ઉપર બેસવાની પણ હિંમત નહોતા કરી શકતા. આજે કૌટુંબિક પરિસ્થિતિમાં બદલાવ આવ્યો છે. યુવાન બાળકો વધારે વાચાળ અને અભિવ્યક્ત થઈ રહ્યાં છે.

સ્પર્શની આખી પરિભાષા અનોખી હોય છે. ઉંમર લાયક પિતાને પ્રેમ અને લાગણીથી ગળે મળવાથી એક હજાર પ્રેમના શબ્દો બોલાયા હોય એવું લાગે. એકવાર આઠ દસ વર્ષના બાળકે દાદાને સહજ સવાલ કર્યો કે, 'દાદા તમે નાના હતા ત્યારે મોબાઈલ, ટીવી, ઈન્ટરનેટ, કોમ્પ્યુટર તો નહોતા તો તમે આ બધા વગર કેવી રીતે કામ કરતા હતા ? કેવી રીતે જીવતા હતા ?ઞ નાનકડા પૌત્રના પ્રશ્નનો દાદાએ સ્માઈલ સાથે જવાબ આપ્યો કે, 'બેટા આજે જેમ લોકો લાગણી, વિશ્વાસ, સમર્પણ વિના જીવી રહ્યાં છે એમ.ઞ દાદાના જવાબમાં બાળકને બહુ સમજ ન પડી અને ટેબ ઉપર ટેરવા ફેરવતો એના રૂમમાં દોડી ગયો.

ઉંમરલાયક થવાની સાથે કુટુંબના બધા સભ્યો જોડે તાદાત્મ્ય વધે ત્યારે આયુષ્ય આપોઆપ વધી જતું હોય એવું લાગે. વૃદ્ધ અને ઘરડા શબ્દ વચ્ચેનો ફરક છે. નવી વાત, નવા વિચારો, નવી દિશાની વૃદ્ધિ સાથે તાલમેલ સાચવી આગળ વધે એ વૃધ્ધ. ઘરેડ જીવે, ભૂતકાળને વાગોળ્યા કરે એ ઘરડો. વૃદ્ધ પાસે અનુભવ, ડહાપણ, વ્યવહાર કુશળતા અને સમજશક્તિની સાચી સમૃદ્ધિનો ભંડાર હોય છે. નિવૃત્તિ પછી મળેલા સમયને ભરપુર આનંદ કરે, પરિવાર સાથે પ્રતિપળને ઉત્સવની જેમ ઉજવે એ વૃદ્ધ કહેવાય. પરંપરાઓમાં પરોવાઅયેલો રહે એ ઘરડો કહેવાય. બદલાયેલી કોઈપણ પરિસ્થિતિમાં સેટ થઈ જવાની માનસિકતા વૃદ્ધને વધુ સન્માનિય, આદરણીય અને મિત્રનો દરજ્જો આપે છે. બાળકોને વડીલને મળવાની મોજ આવે એ વૃદ્ધત્વનો અસલી આનંદ છે.

સામાન્ય રીતે આપણા સંબંધો બે ભાગમાં વહેંચાયેલા હોય છે. એક તો કુદરતી રીતે મળેલા અને બીજા સમજ સાથે બાંધેલા સંબંધો. મળેલા સંબંધોમાં મા, બાપ, બહેન, ભાઈ, કાકા, મામા, માસી વગેરે આવે. આ સંબંધો સચવાય કે ન સચવાય જીવનપર્યંત સાથે જ રહેવાના. મળેલા સંબંધો કોઈપણ અપેક્ષા વગર પ્રેમ અને લાગણીની ધરી ઉપર વિકસતા હોય છે. ઘણીવાર એવું પણ જોવા મળતું હોય કે, મળેલા સંબંધો છાના ખૂણે પનપતા જતા હોય. સંબંધોની લંબાઈ અને પહોળાઈ ન જોવાય. સંબંધની તો ઊંડાઈ જોવાય.

બાળક યુવાનીના ઉંબરે પગ મૂકે. ભણી ગણીને પોતાના પગ ઉપર ઊભો રહે. એ પછી 'હું શ્રેષ્ઠ છ' એવો આત્મવિશ્વાસ પેદા થાય એ જરૂરી છે. પરંતુ 'હું જ શ્રેષ્ઠ છું' એવો અહંકાર સંબંધોની સુવાળપને મિટાવી દે છે. આવા તબક્કે મનની આંખો ખોલીને વ્યક્તિએ જાગવું પડે. સમજવું પડે કે, હું જે છું એ તો બરાબર છે પણ હું શું હતો ? અને આજે જે છું એ બનવાની આખી ઘટમાળ શું હતી ? આ હંમેશા મનમાં રહે તો વડીલના ગયા પછી હૃદયમાં વલોપાત કરવાનો વખત જ નહીં આવે.

એક મુરબ્બી હંમેશા કહેતાં કે, જીવતા હોય ત્યારે પ્રેમ, લાગણી, ઉમળકો ન બતાવી શકનારા મર્યા પછી તસવીર ઉપર ફુલોના હાર બદલે કે ઘીના દિવા અને સેન્ટેડ અગરબત્તીઓના ધુમાડાઓ કરે એનો કોઈ અર્થ નથી. રૂપિયા-પૈસા, સત્તા, હોંશીયારીનો અહંકાર બતાવીને મોટા દેખાવા કરતાં વડીલોની સાથે બાળક બની માયાળુ વર્તન જીવનને વધુ જીવવા જેવું બનાવે છે. શબ્દોનો વૈભવ હંમેશા ઉપરછલ્લો હોય છે. વ્યક્તિનું મૂળ જીવન તો એની વૈચારિક ચેતનામાં રહેલું છે. શબ્દો નહીં, વિચારો વ્યક્તિનું સાચું ઘડતર કરતા હોય છે. જો જીવનમાં ક્યારેય ખાલીપો ન અનુભવવો હોય તો પ્રેમ, લાગણી અને ત્યાગ નામના ત્રણ સાથીઓ સાથે ઘનિષ્ટતા કેળવી લેવાય. પોતાના જીવનમાં અને વડીલોના જીવનમાં એકલતાનો અહેસાસ ન લાવવા માટેની આ શ્રેષ્ઠ પદ્ધતિ શીખી લેવી પડે.

એક યુવાન દીકરાએ સરસ વાત કરી કે, 'મારા પિતાએ મને જગતની સૌથી કિમતી અને નાયાબ ભેટ એ આપી કે, એમણે મારા ઉપર વિશ્વાસ રાખ્યો. કદાચ આજે હું જે પણ છું એ મારા પિતાના વિશ્વાસનું જ પરિણામ છું.ઞ જેના ગુસ્સામાં પોતાનાપણું અને ફટકારમાં પણ પ્યાર દેખાય એ પિતા. દરેકના મનમાં એક વાત કોતરાયેલી હશે કે, મોજ તો પિતા પાસે માંગીને લીધેલા સિક્કાઓથી ખરીદેલી વસ્તુઓમાં આવતી હતી, પોતાની આમદાનીથી જીવનની જરૂરીયાતો માંડ પુરી થતી હોય છે. એક વાર યુવાનને કોઈએ પુછ્યું કે, 'બેટા, વિશ્વમાં એવી કઈ અદાલત છે કે જ્યાં બધી ભુલો અને ગુના માફ થઈ જતાં હોય છે ?' યુવાને મજાનો જવાબ આપ્યો, 'અંકલ, મારા પપ્પાનું દિલ...'

ધબકાર :

ખાલી ખીસુ હોવા છતાં કોઇ પણ વસ્તુ લેવા માટે ના નહીં પાડતા પપ્પાથી અમીર વ્યક્તિ કોઇ બાળકે નહીં જોયો હોય.